# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ઈજનેરી ડિપ્લોમા હોલ્ડર્સને સંબંધિત ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમનાં બીજા વર્ષમાં (ત્રીજા સેમેસ્ટર) સીધો પ્રવેશ : રાઉન્ડ-૨ (વર્ષ ૨૦૧૧-૧૨)

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે પ્રવેશ પાત્રતા ધરાવતા એન્જિનીયરીંગ ડિપ્લોમા હોલ્ડર્સને સંબંધિત ઈજનેરી ડીગ્રી અભ્યાસક્રમમાં રાઉન્ડ-૧ની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નીચે મુજબની વિદ્યાશાખાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ મેળવવા પ્રવેશ પાત્રતા ધરાવતા હોય તેવા, ઓક્ટોબર/નવેમ્બર ૨૦૧૦ પહેલાં ગુજરાત રાજ્યનાં વિવિધ બોર્ડમાંથી ડિપ્લોમા ઉત્તિર્ણ કરેલ તેમજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો કે જેઓનું સેમેસ્ટર-૨નું પરિણામ જાહેર ન થઈ શકવાના કારણે રાઉન્ડ-૧માં અરજી/પ્રવેશ ન મેળવી શકેલા હોય તેવા ઉમેદવારો પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. રાઉન્ડ-૧માં પ્રવેશથી વંચિત લાયક ઉમેદવારો જો પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય, તો તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે. અરજીપત્રક પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપરથી ડાઉનલોડ કરી નીચે જણાવેલ પ્રવેશ કાર્યક્રમ અનુસાર સવારે ૯-૦૦ કલાકથી બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ, એલ.ડી. કોલેજ ઓફ એન્જિ. કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે રૂા. ૩૫૦/- રોકડા ફોર્મ ફી પેટે ભરી, જરૂરી પ્રમાણપત્રો સાથે જમા કરાવી એકનોલેજમેન્ટ સ્લીપ મેળવવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ કાર્યવાહી તે જ દિવસે બપોરે ૩-૦૦ કલાકે શરૂ કરવામાં આવશે.

| ક્રમ | તારીખ | ડિપ્લોમા પાસીંગ વિદ્યાશાખા |
|---|---|---|
| ૧ | ૨૮/૮/૨૦૧૧ | બાયોમેડીકલ ઈજનેરી, સિવિલ ઈજનેરી, ટ્રાન્સપોર્ટેશન ઈજનેરી, ફૂડ પ્રોસેસીંગ ઈજનેરી, ફેબ્રીકેશન ટેકનોલોજી, ટુલ એન્ડ ડાય મેકીંગ, પ્લાસ્ટિક ઈજનેરી, ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઈજનેરી |
| ૨ | ૩૧/૮/૨૦૧૧ | એન્વાયર્મેન્ટ ઈજનેરી, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ (ફક્ત મહિલા ઉમેદવારો માટે), કેમિકલ ઈજનેરી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, માઈનીંગ ઈજનેરી |

- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો કે જેઓનું સેમેસ્ટર-૨નું પરિણામ જાહેર ન થઈ શકવાના કારણે રાઉન્ડ-૧માં અરજી/પ્રવેશ ન મેળવી શકેલા હોય તેવા ઉમેદવારોને પ્રવેશ કાર્યવાહીમાં અગ્રતા આપવામાં આવશે.
- રાઉન્ડ-૧માં અરજી કરેલ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ ફોર્મ ફી ભરી નવેસરથી અરજી કરવાની રહેશે. આ અરજી નવી અરજી ગણાશે અને જૂની અરજી આપોઆપ રદ થયેલ ગણાશે.
- પ્રવેશની કાર્યવાહીમાં પસંદગી પામ્યા પછી સરકારી/અનુદાનિત સંસ્થાઓમાં પ્રવેશ માટે ફી પેટે અંદાજે રૂા. ૧,૫૦૦/- તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ માટે આંશિક ફી પેટે રૂા. ૨૦,૦૦૦/- રોકડા જમા કરાવવાના રહેશે.
- સંસ્થાઓના પ્રવેશ કોડ, ખાલી રહેલી બેઠકો, સંસ્થાની ફી તેમજ અન્ય જરૂરી માહિતી વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર મૂકવામાં આવેલ છે.

**રાઉન્ડ-૧નાં ઈલેક્ટ્રિકલ ઈજનેરી વિદ્યાશાખાનાં મેરીટ સમાવિષ્ટ ઓપન મેરીટ નં. ૯૦૧ થી મેરીટ નં. ૧૩૫૦ સુધીનાં ફક્ત મહિલા ઉમેદવારો કે જેઓએ ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવો હોય તેઓએ તા. ૩૧/૮/૨૦૧૧ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે અત્રેની સમિતિની ખાતે રૂબરૂ હાજર રહેવું. સદર ઉમેદવારોએ નવેસરથી અરજીપત્રકો ભરવાના રહેશે નહીં.**

તા. ૨૪/૮/૨૦૧૧ — **મેમ્બર સેક્રેટરી**